# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ અને યુરોપિયન કમિશનના પ્રમુખ વચ્ચે ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કરાયા
2. સંસદના બજેટ સત્ર પહેલા, સરકારે આજે સંસદ ભવનના સંકુલમાં સર્વપક્ષીય બેઠક બોલાવી
3. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે ભારત સનાતન ધર્મના ઐતિહાસિક પુનરુત્થાનનું સાક્ષી બની રહ્યું છે
4. સરકારે ખાતરી આપી છે કે નવી UGC માર્ગદર્શિકાનો હેતુ કેમ્પસમાં જાતિ આધારિત ભેદભાવને દૂર કરવાનો છે
5. પુરુષોની અંડર–19 એક દિવસીય ક્રિકેટ વિશ્વકપમાં, ભારતે ઝિમ્બાબ્વેને 353 રનનો લક્ષ્યાંક આપ્યો

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE PM-INDIA-EU TALKS

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે ઐતિહાસિક મુક્ત વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન વચ્ચે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત બાદ આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ભારત અને યુરોપિયન યુનિયને વેપાર, સુરક્ષા, સંરક્ષણ ભાગીદારી, ગતિશીલતા, આપત્તિ જોખમ વ્યવસ્થાપન, ગ્રીન હાઇડ્રોજન સહિતના સાત કરારોનું આદાનપ્રદાન કર્યું હતું.

પ્રધાનમંત્રી  મોદી અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને આ કરારને તમામ કરારોની માતા ગણાવ્યો છે.આ પ્રસંગે બોલતા, પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત અને યુરોપિયન યુનિયનના સંબંધો મજબૂત થયા છે અને તેમના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. તેમણે કહ્યું કે, આ માત્ર વેપાર કરાર નથી, પરંતુ સહિયારી સમૃદ્ધિ માટે એક નવો બ્લુપ્રિન્ટ છે.

(BYTE - PM MODI ON EU RELATTION)

પ્રધાનમંત્રીએ  કહ્યું કે, ભારતે આજે 27 દેશોના યુરોપિયન યુનિયન સાથે તેનો સૌથી મોટો મુક્ત વેપાર કરાર કર્યો છે. તેમણે કહ્યું કે, આ રોકાણને વેગ આપશે, નવી નવીન ભાગીદારી બનાવશે અને વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઇનને મજબૂત બનાવશે.

(BYTE - PM MODI ON FTA)

FTA ના સમાપન પછી બોલતા, યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ FTA પર હસ્તાક્ષરને ઐતિહાસિક ક્ષણ ગણાવી. તેમણે કહ્યું કે યુરોપિયન યુનિયન અને ભારત બંને એક નવો અધ્યાય શરૂ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, EU અને ભારતે સહિયારી સમૃદ્ધિ અને સુરક્ષા માટે સાથે મળીને કામ કરવું જોઈએ.

આ પ્રસંગે બોલતા, ઉર્સુલા વોન ડેર લેયેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો અસાધારણ આતિથ્ય બદલ આભાર માન્યો. તેમણે કહ્યું કે, પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય મહેમાન બનવું એ સન્માનની વાત છે. તેમણે કહ્યું કે, ભારત ઉભરી આવ્યું છે અને યુરોપ ખરેખર તેના વિશે ખુશ છે. તેમણે કહ્યું કે, જ્યારે ભારત સફળ થાય છે, ત્યારે વિશ્વ વધુ સ્થિર, સમૃદ્ધ અને સુરક્ષિત બને છે.

----------

## RAJNATH – FTA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર દેશની વૈશ્વિક આર્થિક યાત્રામાં એક મહત્વપૂર્ણ પ્રકરણ છે. સંરક્ષણ મંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે આ કરાર બે મુખ્ય અર્થતંત્રોને એક કરે છે અને ભારતની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ જેમ કે સમાવેશી વિકાસ, આત્મનિર્ભરતા અને રોજગાર સર્જનને પણ આગળ ધપાવે છે.

શ્રી સિંહે કહ્યું કે આ કરાર સંરક્ષણ ક્ષેત્ર, દેશના નિકાસકારો, ખેડૂતો, નાના અને મધ્યમ ઉદ્યોગો અને વ્યાવસાયિકો માટે અભૂતપૂર્વ તકો ખોલે છે અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ સાથે એકીકરણને  મજબૂત બનાવશે.

----------

## JAISHANKAR-nadda FTA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે જણાવ્યું હતું કે ભારત અને યુરોપિયન સંઘ  વચ્ચે મુક્ત વેપાર કરાર, સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી, ગતિશીલતા પર સહકારનું વ્યાપક માળખું અને આજે હસ્તાક્ષર કરાયેલા અન્ય કરારો એક વ્યાપક, ઊંડા અને મજબૂત ભાગીદારીનો પાયો બનાવે છે.

આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ જણાવ્યું હતું કે ભારત-EU મુક્ત વેપાર કરાર ફાર્માસ્યુટિકલ અને આરોગ્યસંભાળ ક્ષેત્રોમાં નવી તકો ઊભી કરશે.

----------

## INDUSTRY REAX- INDIA-EU FTA

ભારતીય ઉદ્યોગ સંગઠનોએ ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરારનું સ્વાગત કર્યું છે. ભારતીય ઉદ્યોગ સંઘ (CII) એ કહ્યું છે કે આ કરાર દેશના વૈશ્વિક વેપાર જોડાણમાં એક વ્યૂહાત્મક સફળતાનું

પ્રતિનિધિત્વ કરે છે અને તેમની વચ્ચેની ભાગીદારીને નોંધપાત્ર રીતે ગાઢ બનાવે છે

ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, FICCI એ વ્યૂહાત્મક સ્કેલ અને લાંબા ગાળાના મહત્વના આ કરારને આગળ વધારવા બદલ સરકારને અભિનંદન આપ્યા છે.

----------

## ALL PARTY MEETING

સંસદના બજેટ સત્ર પહેલા, સરકારે આજે સંસદ ભવનના સંકુલમાં સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહે બેઠકની અધ્યક્ષતા કરી હતી.

રાજ્યસભાના નેતા જે.પી. નડ્ડા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ, સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ. મુરુગન હાજર રહ્યા હતા. કોંગ્રેસના નેતા જયરામ રમેશ, દ્રવિડ મુનેત્ર કઝગમના નેતા તિરુચી શિવ, તૃણમૂલ કોંગ્રેસના નેતા સાગરિકા ઘોષ અને સમાજવાદી પાર્ટીના સાંસદ રામગોપાલ યાદવ સહિત અન્ય લોકોએ પણ બેઠકમાં હાજરી આપી હતી.

સંસદનું બજેટ સત્ર આવતીકાલથીશરૂ થશે અને 2 એપ્રિલ સુધી વિરામ સાથે ચાલુ રહેશે. શ્રી રિજિજુએ સત્રનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા માટે તમામ પક્ષોને સહયોગ આપવા વિનંતી કરી હતી.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## Guj- Amit Shah

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારત સનાતન ધર્મના ઐતિહાસિક પુનરુત્થાનનું સાક્ષી બની રહ્યું છે, જેનો પુરાવો અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ અને કાશી વિશ્વનાથ જેવા મંદિરોના પુનરુત્થાન છે.

આજે ગાંધીનગરના જમિયતપુરા ખાતે 'શિક્ષાપત્રી સમૈયા મહોત્સવ'ને સંબોધતા મંત્રીશ્રી એ કહ્યું કે ભગવાન સ્વામિનારાયણ દ્વારા લખાયેલ શિક્ષાપત્રી ફક્ત એક ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તે સમગ્ર માનવતા માટે 'નૈતિક બંધારણ' છે.

(BYTE – AMIT SHAH on samaiya )

તેમણે યુવાનોને આધુનિક વિશ્વના પડકારોનો સામનો કરવા માટે આ પવિત્ર ગ્રંથના ઉપદેશોને અપનાવવા વિનંતી કરી.

શ્રી શાહે ભગવાન સ્વામિનારાયણ દ્વારા લાવવામાં આવેલી સામાજિક ક્રાંતિ, ખાસ કરીને સ્ત્રી ભ્રૂણહત્યા અને સામાજિક ભેદભાવ સામેની તેમની લડાઈ પર વધુ પ્રકાશ પાડ્યો. આ ઉત્સવમાં 'ઝીરો પ્લાસ્ટિક' અને 'સૌર ઉર્જા' પર રખાતા ધ્યાનની પ્રશંસા કરતા, મંત્રીએ જણાવ્યું હતું કે પર્યાવરણના રક્ષણ અને માનવજાતના ભવિષ્યને સુનિશ્ચિત કરવા માટે આવી પહેલો મહત્વપૂર્ણ છે.

----------

## UGC

સરકારે ખાતરી આપી છે કે નવી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) માર્ગદર્શિકાનો હેતુ કેમ્પસમાં જાતિ આધારિત ભેદભાવને દૂર કરવાનો છે અને તેનો દુરુપયોગ કરવામાં આવશે નહીં.

મીડિયા સાથે વાત કરતા શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે ભેદભાવના નામે કાયદાનો દુરુપયોગ ન થાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી કેન્દ્ર, રાજ્ય સરકારો અને UGCની છે. મંત્રીએ ઉમેર્યું હતું કે આ મામલો સર્વોચ્ચ અદાલતની દેખરેખ હેઠળ છે અને તમામ કાર્યવાહી બંધારણના દાયરામાં કરવામાં આવશે.

----------

## C R PATIL- WASH WORRIORS

જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે સરકારે દેશભરમાં પાણી સંરક્ષણ માટે 32,000 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

આજે નવી દિલ્હીમાં પાણી અને સ્વચ્છતા યોદ્ધાઓ સાથે વાત કરતા શ્રી પાટીલે જણાવ્યું હતું કે મનરેગા ભંડોળનો 65 ટકા ઉપયોગ પાણી સંરક્ષણ અને પાણી સંબંધિત કાર્યો માટે કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે નમામિ ગંગે મિશન હેઠળ આ વર્ષે 15 પ્રદૂષણ નિયંત્રણ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે.

----------

## NAIDU-AGREEMENT

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આજે બ્રાઝિલના મુખ્ય એરોસ્પેસ ઉત્પાદક એમ્બ્રેર અને અદાણી ગ્રુપ વચ્ચે ભારતના પ્રાદેશિક પરિવહન વિમાન ઇકોસિસ્ટમ વિકસાવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા. તેમણે કહ્યું કે આ ભાગીદારી પ્રાદેશિક હવાઈ જોડાણ માટે એન્ડ-ટુ-એન્ડ સ્વદેશી ઉકેલો વિકસાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

શ્રી નાયડુએ કહ્યું કે સ્થાનિક ઘટક ઉત્પાદન અને જાળવણી, સમારકામ, ઓવરહોલ (MRO) સેવાઓ માટેની ભાગીદારી 'મેક ઇન ઇન્ડિયા' પ્રત્યે દેશની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવશે અને વૈશ્વિક ઉડ્ડયન પુરવઠા શૃંખલાઓમાં રાષ્ટ્રના એકીકરણને મજબૂત બનાવશે. તેમણે કહ્યું કે આ કરાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ઉડાન મિશનથી પ્રેરિત છે.

----------

## PUNE-H.D.KUMARASWAMY

ભારે ઉદ્યોગ અને સ્ટીલ મંત્રી, એચ.ડી. કુમારસ્વામીએ આજે ભારતને ટકાઉ અને સલામત પરિવહન વ્યવસ્થા પૂરી પાડવા માટે નવીન સંશોધનની જરૂરિયાત પર ભાર મૂક્યો.

શ્રી કુમારસ્વામીએ આજે પુણેમાં કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રાલય હેઠળ, ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયાના આંતરરાષ્ટ્રીય ઓટોમોટિવ ટેકનોલોજી સિમ્પોઝિયમનું ઉદ્ઘાટન કર્યું. તેમણે સંશોધકો અને ઉદ્યોગસાહસિકોને આત્મનિર્ભર ભારત મિશન હેઠળ સ્વદેશી ટેકનોલોજી વિકસાવવા પર ભાર મૂક્યો. શ્રી કુમારસ્વામીએ વૈકલ્પિક ઇંધણ, ઇલેક્ટ્રિક વાહનો અને અદ્યતન સલામતી પ્રણાલીઓ જેવા ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે કેન્દ્રિત પ્રયાસો પર ભાર મૂક્યો.

----------

## BUDGET-HALWA CEREMONY

કેન્દ્રીય બજેટ 2026-27 ની તૈયારીઓનો અંતિમ તબક્કો આજે નવી દિલ્હીમાં હલવા સમારોહ સાથે શરૂ થયો. નાણામંત્રી નિર્મલા સીતારમણ સાથે મંત્રાલયના તમામ વિભાગોના સચિવો અને બજેટ તૈયારીઓમાં સામેલ અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. પ્રેસની મુલાકાત લીધી અને તૈયારીઓની સમીક્ષા કરી અને સમગ્ર બજેટ ટીમને અભિનંદન આપ્યા. બજેટ  પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે.

----------

## CRICKET

પુરુષોની અંડર–19 એક દિવસીય ક્રિકેટ વિશ્વકપમાં, બુલાવાયોમાં રમાઇ રહેલી સુપર સિક્સ સ્ટેજ મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને જીતવા માટે 353 રનનો લક્ષ્યાંક આપ્યો છે. અગાઉ બેટિંગ કરતા ભારતીય ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 352 રન બનાવ્યા હતા.

છેલ્લા અહેવાલ મુજબ, ઝિમ્બાબ્વેએ મુજબ  28 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 102 રન બનાવ્યા હતા.

----------